# સમજણનું સરવૈયું

–નયનાબહેન શાહ

‘હવે થાક લાગે છે. આ શહેરનો ટ્રાફીક એટલે તોબા ! એમાંયે લોકોમાં ‘ટ્રાફીક સેન્સ’ નથી.’ અલય એકી શ્વાસે બોલી ગયો. આ બોલતી વખતે એના મોં પર થાક વરતાતો હતો. એ વાત સમજતાં એની પત્ની ઉલુપીને વાર ન લાગી.

ઉલુપી ઉચ્છતી હતી કે અલયની નીવૃત્તીની ઉમ્મર ક્યારનીયે વીતી ગઈ છે. અરે, સરકારે પણ નીવૃત્તીની જે ઉમ્મર નક્કી કરી છે એ સમજી વીચારીને કરી છે. નહીં તો મનુષ્યના લોભનો ક્યાંય અન્ત નથી અને પૈસાનું તો શું છે કે, જેટલો હોય તેટલો વપરાયા કરે.

ઉલુપીને થતું કે એ એના પતીને કહી દે કે તમે નોકરી છોડી દો; પરન્તુ એને ડર લાગતો હતો કે એની વાત એના પતીને પસન્દ ના પડે તો ? અત્યાર સુધી તો ઘર ભર્યું ભર્યું હતું. પણ હવે દીકરો અમેરીકા જતો રહ્યો અને દીકરી પરણીને સાસરે જતી રહી હતી.

ઉલુપીએ પતી સાથે પાંત્રીસ વરસ વીતાવ્યાં હતાં. છતાં પણ એને લાગતું હતું કે એ એના પતીને સમજી શકી નથી; કારણ કે પતી સાથે બેસી એકાન્તમાં વાત કરવાનો સમય જ ક્યાં મળતો હતો ? કારણ, દરેક વ્યક્તીનો સ્વભાવ દરેક વ્યક્તીદીઠ બદલાતો હોય. ઘણીવાર વ્યક્તી ઘરમાં સીંહ બનીને ફરતી હોય; પરન્તુ ઑફીસમાં એ જ ગરીબ ગાય બની જાય. જો કે એનાથી ઉંધું પણ હોઈ શકે. પરન્તુ અલયને તો સમય જ ક્યાં હતો; ગુસ્સો કરવાનો કે પ્રેમ કરવાનો ?

જ્યારે બાળકો ઘરમાં હતાં ત્યારે બાળકો ક્યારેક પોતાની મુશ્કેલી પુછી અલય પાસે ભણવા બેસી જતાં. ત્યાર બાદ અલય તરત લેપટૉપ લઈને બેસી જતો. એની પાસે સમયનો હમ્મેશ અભાવ રહેતો. ઑફીસનું થોડું ઘણું કામ પણ ઓનલાઈન કરી લેતો.

ઉલુપીની જીન્દગી જ જુદી હતી. સવારથી ઉઠીને એના નીત્યક્રમમાં એટલી તો એ ઓતપ્રોત થઈ જતી જાણે કે એ બહારની દુનીયા જ ભુલી જતી. સવારે પતીનો ડબ્બો તૈયાર કરવાનો અને બાળકો તો જમીને જતાં. ઉલુપી નાહી–ધોઈને રસોડામાં જતી રહેતી. પતીના ગયા પછી સેવાપુજા અને રસોઈ કરી, બાળકોને જમાડી, પોતે સફાઈકામમાં લાગી જતી.

આમ તો ઉલુપીને પૈસાની ક્યારેય તકલીફ ન હતી, પતીની કમાણી ઘણી હતી. પૈસાની કમી ન હતી; પરન્તુ ઉલુપીને કામવાળીનું કામ ક્યારેય પસન્દ ન હતું.

અલયને તો એ વાતની કશી ખબરેય નહોતી કે ઉલુપી બધું કામ જાતે કરે છે. ઉલુપીને મોઢે ક્યારેય ફરીયાદનો એકે શબ્દ પણ ન નીકળતો. બાળકો અને પતી બધાંય ઉલુપીથી ખુશ હતા. દરેકનો સમય સચવાતો હતો. કોઈનેય ફરીયાદ કરવાની તક જ નથી મળી. કપડાંને અસ્ત્રી પણ સમયસર થઈ જતી.

બાકી તો ઘરનો સામાન ખરીદવાનો હોય, ઓનલાઈન ન હતું ત્યાં સુધી ઘરનો વેરો, લાઈટબીલ, ટેલીફોન બીલ પણ એ જાતે જ ભરવા જતી. લાઈનમાં ઉભા રહેવાનીયે એને ફરીયાદ નહીં. શાક લાવવા કે કરીયાણું ખરીદવાયે એ જાતે જ જતી. ઉલુપીને તો કોઈ વાહન પણ આવડતું ન હતું. બસમાં જતી ને બસમાં જ આવતી. ક્યારેય રીક્સામાં જતી ન હતી. એટલું જ નહીં; લગ્ન વખતે વહુનાં કપડાં–દાગીના પણ એ વહુને લઈને ખરીદી આવતી હતી. દીકરીનાં લગ્ન વખતે વહેંચણનાં કવરો, સાડીઓ, દાગીના બધીય વ્યવસ્થા એ જાતે કરતી. કોઈનેયે તકલીફ આપ્યા વગર, એ એકલે હાથે બધું કરતી.

અલયને તો પૈસા આપવા સીવાય ખાસ કંઈ કરવાનું જ ન હતું. લગ્નના થોડા દીવસ પહેલાં જ અલયે રજાઓ લીધી હતી. પરન્તુ ખાસ કંઈ કામ કરવાનું બાકી રહ્યું ન હતું. વળી, આટલી ઝીણવટભરી તૈયારી ઉલુપીએ કઈ રીતે કરી તે વીચારવાનોય સમય ન હતો. અલયે બન્ને લગ્નમાં લોકોની 'વાહ, વાહ' મેળવી હતી. બધા અલયની વયવસ્થાના બે મોંએ વખાણ કરતા હતા.

દીકરા–દીકરીનાં લગ્ન પતાવ્યા બાદ ઉલુપીને ઘરમાં કામ ઘણું ઓછું રહેતું હતું. લગ્ન પછી તરત દીકરો અમેરીકે જતો રહ્યો. દીકરી પણ ભણ્યા બાદ તરત નોકરી કરતી હતી, ત્યારે ઉલુપી એકને બદલે બે ટીફીન તૈયાર કરતી. એણે તો ક્યારેય ઘરકામમાં દીકરી કે વહુની મદદની આશા રાખી જ ન હતી. એ પોતે પણ માનતી હતી કે, 'અપેક્ષા એ જ બધાં દુ:ખનું મુળ છે.' એણે તો પતી કે દીકરા–દીકરીની આશા રાખી જ નહોતી. તેથી જ એ સુખી હતી. બધું ચુપચાપ સહન કરવું એ એનો સ્વભાવ બની ગયો હતો. એ પોતે પણ માનતી કે ઝઘડવા માટે તો ઘણાં કારણો મળી રહે છે; પરન્તુ નહીં ઝઘડવા માટે એક જ કામ કરવાનું હોય છે : 'મૌન રહેવું.' એ જ એના સુખનું કારણ. પોતાનું કામ નીષ્ઠાપુર્વક કરતા રહેવું એથી વધુ સારું તો શું હોઈ શકે ?

ઘરમાં સાફસુફી કર્યા બાદ પણ હવે ઉલુપી પાસે ઘણો સમય બચતો હતો. એને તો પહેલેથી જ ટીવી–કમ્પ્યુટરનો શોખ હતો જ નહીં. પતી હમ્મેશ લેપટૉપ પર કામ કર્યા કરતા. પણ તેણે ક્યારેય પતીને કહ્યું નહોતું કે મારે કમ્પ્યુટર શીખવું છે. પતીના કામમાં માથું મારવાની તો આદત જ નહીં. પતીએ કદી પૈસાનો હીસાબ માગ્યો ન હતો. એની પાસે ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, ટીએમકાર્ડ બધું જ હતું; પરન્તુ એ સદા સમય વીચારીને જ ખર્ચ કરતી.

બાળકો નાનાં હતાં. ક્યારેક બીમાર પડે, શાળામાં વાલીઓની મીટીંગ હોય; બધે એકલી જ જતી. એટલું જ નહીં, બાળકોને જાતે જ ભણાવી ટ્યુશનનો ખર્ચેય બચાવતી.

હવે ધીરે ધીરે ઉલુપીને એકલું લાગતું. મનમાં થતું કે પતી નીવૃત્ત થાય તો એકબીજા સંગાથે જીન્દગીનાં બાકીનાં વર્ષો વીતાવી શકીએ. પણ નીર્ણય તો પતીએ લેવાનો હતો કે હવે નીવૃત્ત થવું કે કેમ ! પણ આખરે જ્યારે અલયે નીવૃત્તી લેવાનો નીર્ણય કર્યો, ત્યારે ઉલુપી ઘણી ખુશ હતી. જો કે ઉલુપીને પોતાની ઈચ્છા બીજા પર ઠોકી બેસાડવાની ટેવ ન હતી.

જ્યારે અલય ઘરે રહેવા લાગ્યો ત્યારે એણે જોયું કે ઉલુપી તો આખો દીવસ ઘરમાં કામ જ કર્યા કરે છે! પોતે તો એઠવાડીયે એક રજા પણ ભોગવતો, ત્યારે ઉલુપી જાતજાતની વાનગીઓ બનાવી પતીને જમાડતી અને

ભારે ભોજન બાદ અલય સુખેથી સુઈ જતો. હવે અલયને સમજાવા માંડ્યું કે આ બધી વાનગીઓ બનાવવાનું કામ પુષ્કળ મહેનત માંગી લે છે અને વળી એ બધું કર્યા બાદ સાફસુફી કરવી પણ અઘરી હતી. અલયની નીવૃત્તી પછી એની મુલાકાતે આવનારાઓને પણ તે ચા–નાસ્તો પ્રેમથી કરાવતી. થાક જેવો શબ્દ તો જાણે એના જીવનના શબ્દકોશમાં હતો જ નહીં. પરન્તુ અલયને આટલાં વર્ષોમાં નહોતું સમજાયું તે હવે સમજાયું. મનમાં થતું હતું કે પોતે આરામદાયક નોકરી કરી, બધી સગવડ ભોગવી, તે આ આદર્શ પત્નીને કારણે. આ વાત એને હવે સમજાઈ. ઘરસંસારમાં અલયે કદી માથું માર્યું ન હતું ને ઉલુપીને પણ જેટલા પૈસા વાપરવા હોય તેટલા વાપરવાની છુટ હતી.

ઉલુપી તો ઘડાયેલી જ હતી. હજીયે શાક લેવા જાય ત્યારે એકલી જ જતી. એ અલયને નહીં કહેતી કે, ‘ચાલો, આપણે કારમાં જઈ શાકભાજી લઈ આવીએ. જલદી પાછા અવાશે.’ પરન્તુ ઉલુપી જ્યારે થેલો ભરીને શાક લઈને આવી ત્યારે અલયે કહ્યું, ‘ઉલુપી તારે મને કહેવું હતુંને ! હું કાર લઈને તારી સાથે આવત. હવેથી મને કહેજે. આવી રીતે તડકામાં આટલું વજન ઉંચકીને આવવાનું નહીં.’ ઉલુપી તો પતી સામે જોઈ જ રહી ! ક્યારેય એના પતીએ એના વીશે વીચાર્યું જ ન હતું ને હવે તો પતીને જાણે કે ઉલુપી સીવાય કંઈ વીચારવાનો વીષય જ નહોતો !

એવામાં થોડા દીવસો બાદ ઉલુપીને ચાલવામાં તકલીફ હોય એવું લાગ્યું; પણ ફરીયાદ કરી નહીં; કારણ કે ફરીયાદ કરવાનું એના સ્વભાવમાં જ નહોતું. પણ અલયની નજરે પડતાં તે તરત જ તેને ડૉક્ટર પાસે લઈ ગયો. ઉલુપીને ઘસારાને કારણે દુખાવો થાય છે એમ કહી ડૉક્ટરે દવાઓ લખી આપી. સાથે સાથે સુચનાઓ આપી કે ‘હવેથી પલાંઠી વાળી નીચે બેસવું નહીં. નીચા વળી કામ કરવાનું નહીં. બને તેટલો આરામ કરવો. રોજ ચાલવા જવાનું.’ વગરે... વગેરે... એ રાતે અલયે જ યાદ રાખી ઉલુપીને દવા આપી.

બીજે દીવસે ઉલુપી જે સવારે પાંચ વાગ્યે ઉઠવાની ટેવવાળી, એ રાતે ઉંઘની દવાને કારણે છ વાગ્યા સુધી સુતી રહી. એ જ્યારે નીત્યક્રમમાંથી પરવારી ત્યારે જોયું કે ડાઈનીંગ ટેબલ પર ચા તૈયાર હતી. એ સમજી શકતી ન હતી કે દુધ, ખાંડ, ચા ક્યાં મુક્યાં છે એ પણ પતીને ખબર ન હતી તો ચા ક્યાંથી તૈયાર થઈ ? અલય ઉલુપી સામે જોઈ હસીને બોલ્યો : ‘આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. હવે ઈન્સ્ટન્ટ ચાનાં પેકેટ તૈયાર મળે છે. ગરમ પાણીમાં ઠાલવી હલાવી કાઢવાનાં, ચા તૈયાર. તારે ઉઠીને તરત ચા જોઈએ છે અને મને પણ એ જ ટેવ છે. કાલે જ હું થોડાં પેકેટ લઈ આવેલો.’

અલયનું આ નવું સ્વરુપ હતું. ત્યાર બાદ ઉલુપી નાહીને નીકળી કે તરત એના નવા બુટ તૈયાર હતા. ‘ડૉક્ટરે તને ચાલવાનું કહ્યું છે એટલે કાલે તારે માટે હું સ્પોર્ટ સુઝ લઈ આવ્યો. તારી ચંપલ જોડે લઈ ગયેલો એટલે એ માપે લઈ આવ્યો. હું તો તૈયાર જ છું. ચાલ, આપણે બન્ને સવારના ઠંડા પહોરમાં ચાલવા જઈએ. નજીકમાં જ મન્દીર પણ છે. દર્શનેય કરતા આવીશું .’

બન્ને ફરીને આવ્યાં ત્યારે ઉલુપીનો પુજાપાઠનો સમય થઈ ગયો હતો. એ પુજાના રુમમાં ગઈ તો એના આશ્ચર્ય વચ્ચે મંદીરમાં નાનું ટેબલ મુકવામાં આવેલું. અલયે કહ્યું, 'ઉલુપી, હવે તું આ નાના ટેબલ પર બેસીને જ પુજા કરજે; પલાંઠી વાળીને નીચે બેસીને નહીં. હવે આ ટેબલ આપણી પુજાના રુમમાં જ રહેશે.

ઉલુપી જમીને ઉઠી કે તરત કામવાળી બાઈ આવી ગઈ. ઉલુપીએ કહ્યું, 'મેં કામ નથી બંધાવ્યું.' ત્યારે અલયે કહ્યું, 'હવેથી તારે કચરા–પોતાં કે વાસણ કરવાનાં નથી. કપડાં તો વોશીંગ મશીનમાં ધોવાય જ છે. તેથી જ મેં બાજુવાળાને કહેલું કે તમારી કામવાળી હવેથી અમારે ત્યાં પણ કાયમ માટે કામ કરશે. હવે આપણે એને છોડવાની નથી.'

ઉલુપીની આંખમાં આંસુ આવી ગયાં. એનો પતી આટલો બધો પ્રેમાળ હતો એની એને અનુભુતી થવા લાગી. પોતે તો પતીના વીશે એમ જ વીચારતી હતી કે એ એનામાં જ મસ્ત રહેનાર માણસ છે; પણ એ આટલો બધો પ્રમાળ છે એવી એને ક્યાં ખબર હતી ! ઉલુપીની આંખમાં આંસુ જોઈ અલયે કહ્યું, 'ઉલુપી, તું મનમાં કંઈ પણ ઓછું ન લાવીશ. હું તારે માટે કંઈ પણ કરું તે ઉપકાર નથી. નીવૃત્તી બાદ હું સતત જોતો રહ્યો કે તું ઘરમાં કેટલું કામ કરે છે અને આખી જીન્દગી તેં મારા માટે કેટકેટલું કર્યું ! હું તો દર વર્ષે નફાનુકસાનનું સરવૈયું બનાવતો હતો; પરન્તુ જ્યારે મેં મારી જીન્દગીનું સરવૈયું બનાવવાનું વીચાર્યું ત્યારે ખબર પડી કે મેં તો તારે માટે, તારા સમર્પણના બદલામાં, કંઈ જ કર્યું નથી !

'હવે ઉલુપી, મારે તો તારે માટે જીવવું છે. તને ભરપુર સુખ આપીને જીવવું છે. સરવૈયામાં બન્ને બાજુ સરખી હોવી જોઈએ. તેં તો જીન્દગીમાં બધાને બધું જ આપ્યું છે. માત્ર અમે જ તને કંઈ આપ્યું નથી. નીવૃત્તી પછીના મારા નીરીક્ષણે મને સમજાવ્યું કે સરવૈયું માત્ર 'નફાનુકસાન'થી નથી બનતું; ઉત્તમ સરવૈયું બનાવવા માટે બન્ને પક્ષે 'સમજણ' હોવી જોઈએ. હવે મારે બન્ને બાજુ સરખી કરવી છે અને હવે મારે બનાવવું છે 'સમજણ'નું સરવૈયું.'

–નયનાબહેન શાહ

લેખીકાસમ્પર્ક :

સી–102, હરીસાંઈ શરણમ્ ફ્લેટ્સ, કાના ગોલ્ડની બાજુમાં, વલ્લભ ફ્લેટ સામે, પ્રતાપનગર, ડભોઈ રીંગરોડ, વડોદરા–390 025 ફોન – (0265) 258 2218 ઈ–મેઈલ – bharatshah1953@yahoo.com

ફેબ્રુઆરી-2015ના 'જનકલ્યાણ' ('જીવનલક્ષી માસીકપત્ર' – સમ્પાદક : શ્રી દેવેન્દ્ર એલ. ત્રીવેદી; કાયમી ગ્રાહક સંખ્યા 31,168; ભારતમાં આજીવન લવાજમ રુપીયા 13,000; વાર્ષીક લવાજમ રુપીયા 180; પરદેશમાં લવાજમ : વાર્ષીક લવાજમ–એરમેલથી : રુપીયા 2,000; આજીવન લવાજમ એરમેલથી રુપીયા 25,000 : સરનામું – 'પુનીત માર્ગ', નાથાલાલ જગડા પુલ નીચે, મણીનગર, અમદાવાદ 380 008; ફોન – 079–2545

4545; ઈ.મેલ : jankalyan99@yahoo.co.in)ના અંકમાંથી લેખીકાબહેનની અને પ્રકાશકશ્રીની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

♦●♦


‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: અગીયારમું – અંક: 326 – July 12, 2015

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


@@@@@


More than 3,14,70,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 47,22,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,73,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,77,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@